આકાશવાણી ભુજ

સમાચાર વાચક : સી.વી.જોષી

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **20-03-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## લોકસભા ચૂંટણી જાહેરનામું

ચૂંટણી પંચે આજે લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું બહાર પાડ્યું છે. આ તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો પર ચૂંટણી યોજાશે. આ મહિનાની 27 તારીખ સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે, અને 28મી તારીખે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારીપત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે 19મી એપ્રિલે મતદાન યોજાશે.

**RNU અમદાવાદ**

---

## UPSC Exams મુલતવી

કેન્દ્રીય લોકસેવા આયોગ - UPSCએ સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા 2024 મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.

સિવિલ સર્વિસિસ (પ્રિલિમિનરી) પરીક્ષા 2024, જે ભારતીય વન સેવા પરીક્ષા, 2024 માટે સ્ક્રીનિંગ ટેસ્ટ તરીકે પણ કામ કરે છે. આ પરીક્ષા અગાઉ આ વર્ષે 26 મેના રોજ યોજાવાની હતી જે હવે આ વર્ષે 16 જૂને લેવામાં આવશે. આયોગે આગામી સામાન્ય ચૂંટણીઓને કારણે પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## ચકલી દિવસ-માનવજ્યોત

ભુજની માનવજ્યોત સંસ્થા દ્વારા છેલ્લા 20 વર્ષથી કૂંડાં-ચકલીઘર વિતરણ કરવામાં આવે છે. શરૂઆતમાં પાંચ વર્ષ સુધી દર વર્ષે 200 કૂંડાં અને 200 ચકલીઘરોનું વિતરણ કરવામાં આવતું, પણ હવે 40 હજાર કૂંડાં તથા 40 હજારથી વધુ ચકલીઘર વિતરણ કરવામાં આવે છે. જીવદયાનાં આ કાર્યમાં લોકજાગૃતિ આવી છે. લોકો સ્વયંભૂ આ કાર્યમાં જોડાયા છે. આજે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે સંસ્થા દ્વારા ઠેર ઠેર ચકલીઘર અને પાણીના કાડાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ અંગે આકાશવાણી ભુજ સાથે વાત કરતા સંસ્થાના પ્રબોધભાઇ મુનવરે આ પ્રમાણે જણાવ્યુ હતું.

બાઇટ : પ્રબોધ મુનવર

પરેશ મારૂ

---------------------------------------------------------------------------

## હવામાન

હોળી પૂર્વે જ કચ્છમાં ગરમીએ પોતાનો પ્રકોપ દેખાડવાનું શરૂ કરી દીધું છે.  હવામાન વિભાગે આગામી પાંચ દિવસ કચ્છ અને સારાષ્ટ્રમાં હીટવેવ એટલે કે અસહ્ય ગરમની આગાહી કરી છે. આજે ભુજ મહત્તમ તાપમાન 39.1 ડિગ્રી સાથે જિલ્લા મથકના લોકો ગરમીનો સામનો કર્યો હતો. તો અબડાસાના મુખ્ય મથક એવા નલિયા ખાતે મહત્તમ તાપમાન 37 ડિગ્રી નોંધાયું હતું જ્યારે 15.4 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું મથક રહ્યું હતું. દિવસે પ્રખર તાપ અને વહેલી સવારે અને રાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાઇ રહી છે.   બપોરના સમયે ગરમી સાથે લુ વર્ષા વરસતાં લોકોને ટોપી-- ગોગલ્સ જેવા તાપરક્ષક સાધનોનો આશરો લેવો પડયો હતો.

પરેશ મારૂ

---

## જી.કે.જનરલ-હીટવેવ

કચ્છમાં હિટવેવની આગાહી કરવામાં આવી ,તેવા સંજોગોમાં જી. કે. જનરલ અદાણી હોસ્પિટલના મેડિસિન વિભાગના ડો. ચેશા ચૌહાણ એ  માર્ગદર્શન  અપાતા જણાવ્યું હતું કે શક્ય હોય ત્યા સુધી આકરા તાપમાં બહાર નીકળવું નહિ એ જ હિતાવહ છે. છતાં બહાર નીકળવાનું થાય તો શરીરનેકવર કરીને નીકળવું, સુતરાઉ ઢીલાં કપડાં પહેરવાની

સાથે ટોપી અને  સનગ્લાસ પહેરીને બહાર જવું, ઉપરાંત  ગરમીના દિવસોમાં શરીરને હાઈડ્રેટ રાખવા સતતપાણી પીવું  ઉપરાંત છાસ, લીંબુ પાણી,નારિયેળનું પાણી પીતા રેહવું .ખાસ કરીને ભોજનમાં દૂધી, અંકુરિતકઠોળ અને શાકભાજી ભોજનમાં સામેલ કરવા ઉપરાંત બહારની ખાણી પીણી અને  વાસી ખોરાકથી પણદૂર રહેવું એમ તબીબોએ જણાવ્યું હતું.

અદાણી મેલ

---------------------------------------------------------------------

## હું છું માલધારી

કચ્છની માલધારીયત સાથે સંકળાયેલી જુદા-જુદા સમુદાયોની બહનો  હું છું મહિલા માલધારી શીર્ષક હેઠળ વિશિષ્ટ ઉજવણીના ભાગરૂપે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં  વિવિધ પ્રકારની રમતોનું આયોજન કરાયું હતું. સાપસીડીની રમત, રસ્સા ખેંચ વિગેરે રમતોમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પરેશ મારૂ

---------------------------------------------------------------------

## બી.એડ. કોલેજ

આજના સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં પ્રગતિ સાધી રહી છે, ત્યારે મતદાનમાં પણ આગળ આવે તે માટે મુંદરાની બી.એડ્. કોલેજના

બીજાં વર્ષના તાલીમાર્થીઓએ મોબાઇલની ફ્લેશ લાઈટ દ્વારા સંમતિ આપીને પોતાના રહેણાંક વિસ્તારમાં, સોસાયટીઓ કે મહોલ્લાઓમાં `કચ્છની મહિલા મતદાર નહીં ચૂકે મતદાન' એ થીમ સાથે પ્રચાર-પ્રસાર કરીને ભાવિ શિક્ષિકાની જવાબદારી નિભાવશે, એવા શપથ લીધા હતા. વિદ્યાર્થિનીઓએ ચૂંટણીલક્ષી શિક્ષણ, મતદારયાદીમાં નામ નોંધણી, લોકશાહીમાં મતદાનના મહત્ત્વ અને નૈતિક મતદાનની ફરજ અંગે જાગૃતિ કેળવે તે માટે માનવ સાંકળ બનાવી મતદાન જાગૃતિની ઉજવણી કરી હતી.

પરેશ મારૂ

---------------------------------------------------------------------